બાળકને શું બનવું છે
એ બાળકનાં માતા કે પિતા નક્કી કરે
પછી ભલે એમાં બાળકને રસ પડે કે ન પડે
એમાં બાળકને આવડત હોય કે ન હોય
જેને સાહિત્યમાં રસ હોય
એવા બાળકને ડૉક્ટર બનાવવું
અને
જેને ડૉક્ટર બનવું છે
જેનામાં ડૉક્ટર બનવાની આવડત છે
એવા બાળકને ક્રિકેટર બનાવવું
એ મા-બાપની મૂર્ખતા નથી?
અહંકારી જીદ નથી?
બસ એમ જ
બધા કહે છે
કે ભગવાન
તમને મજબૂત અને જ્ઞાની બનાવવા
તમારા જીવનમાં પરીક્ષાઓ મોકલે છે
પણ કોણે કહ્યું કે મારે મજબૂત બનવું છે?
કોણે કહ્યું કે મારે જ્ઞાની બનવું છે?
મને એક વાર પૂછવાનું પણ નહીં?
ક્યારેક તો મને થાય છે
કે શું ભગવાને થ્રી ઇડિયટ ફિલ્મ નહીં જોઈ હોય?

■

ઘણા કહે છે કે
થાય એ થવા દેવાનું
કોઈ પણ સંબંધમાં
કોઈનું ભાગ્ય ન બદલી શકો
આપણે લાચાર મનુષ્ય છીએ
કોઈને ગમે તેટલું ચાહતા હોઈએ
છતાં એનું ભાગ્ય ન બદલી શકીએ
આપણા અનુભવથી એને ન શીખવી શકીએ
એમ કરવાથી સંબંધોમાં તિરાડ પડે
એના કરતાં જેમ ચાલે છે એમ ચાલવા દેવું
એના ભાગ્યની પીડા અને ઠોકરો એને ખાવી જ પડશે
સમય સાથે જેમ થાય એમ થવા દો
પીડાઓ ભોગવીને
અનુભવ લઈને
ઠોકર ખાઈને
એ વ્યક્તિ તમને યાદ કરશે
ત્યારે એ તમને સમજશે
હા,
કોઈનું ભાગ્ય ન બદલી શકાય
એ સત્ય છે
એ અટલ છે
એ વાતમાં કોઈ બે મત નથી
પણ
સામેવાળું આપણને સમજે
એ સંબંધનો હેતુ છે એવું કોણે કહ્યું?

ઠોકરો ખાઈને
પીડા અનુભવીને
કોઈ આપણને સમજે પછી એનો શું મતલબ?
આપણે મનુષ્ય લાચાર છીએ
એ હાર નથી
પણ આપણે લાચાર છીએ
એવું સ્વીકારી લેવું એ હાર છે
એક લાચાર મનુષ્ય તરીકે
લાચારી સામે લડવું
એ જ મનુષ્યજીવનને સાર્થક બનાવે છે
અને
સંબંધનો અર્થ
“કોઈનું ભાગ્ય બદલવું” થાય છે
એવું કોણે કહ્યું?
સંબંધનો અર્થ છે “પ્રયત્ન”
કોઈનું ભાગ્ય બદલવાનો પ્રયત્ન
જે નથી બદલવાનું એ બદલવાનો પ્રયત્ન કરવો
એ જ સંબંધ છે.

■

કલમ પાસેથી એક વાત શીખ્યો છું
કલમ ગમે ત્યાં હોય
કોઈના ખિસ્સામાં
કે કોઈ સ્ટૅન્ડમાં
એનું માથું ઉપર રહે છે
એ ઝૂકે છે
માત્ર કાગળ સામે
કેમ કે કાગળ એને સમજે છે
પણ મજાની વાત એ છે
કે કાગળ એ જાણે છે
કે એ માત્ર મારી સામે ઝૂકે છે
બીજે નહીં
એટલે કાગળ કલમની તીક્ષ્ણ ધાર સહન કરી લે છે
પણ આ તો કાગળ અને કલમની વાત છે
આપણે તો શ્રાપિત માણસ છીએ
આપણે એવું ક્યાંથી, હેં!?

■

મારા માટે ચીટિંગનો અર્થ છીછરો નથી
બહુ વિશાળ છે
કોઈ મિત્ર હોય
ઘરનું સભ્ય હોય
ગર્લફ્રેન્ડ હોય
કે પત્ની હોય
જરૂરી નથી કે એ મારાથી છાનું કૈક કરે
કોઈ ગુનો કે ગુનાને સમકક્ષ કરે
એને જ ચીટિંગ કહેવાય
મારા સિવાય બીજા કોઈ જોડે
એને ચા પીવાનું મન થાય
એને પણ
હું ચીટિંગ સમજું છું
અને મને એ પણ ખ્યાલ છે
કે આ વાત કોઈને સમજાય નહીં
એટલે હું એકાંત પસંદ કરું છું
કારણ કે
કોઈ મોટી ચીટિંગ કરે
તો હું ક્ષણમાં ભૂલી જાઉં
એને મારા જીવનમાંથી અડધી ક્ષણમાં
માત્ર અડધી ક્ષણમાં ભૂંસી નાખું
પણ આ નાની નાની ચીટિંગ
મને ખાઈ જાય...

■

મેં રામના ચહેરા પર
કદી ખીખીખી પ્રકારનું હાસ્ય નથી જોયું
મેં રામને માત્ર સ્મિત વેરતા જોયા છે
સહેજ હોઠ હલે
જેમાં કશું કૃત્રિમ ન હોય
જે ઘડીભર ન હોય
જે અનંત હોય
મારા મિત્રો મને હંમેશાં કહે
તું કદી ખૂલીને હસતો નથી
દુઃખી આત્મા છે
જીવન આનંદ માટે છે
હું એમને કશું નથી કહેતો
માત્ર સ્મિત કરું છું
હળવું સ્મિત
મારા હોઠ સહેજ હલે
હું એમને સમજાવવા કોશિશ નથી કરતો
કે સુખ એ જીવનનું લક્ષ નથી
સુખ તો માત્ર આડપેદાશ હોય છે
આડપેદાશ જ હોઈ શકે
એ એમ જ રાખવું જોઈએ
કોઈ ફૅક્ટરીમાં વસ્તુ Xનું ઉત્પાદન કરતાં
જે વેસ્ટ નીકળે
એમાંથી વસ્તુ Yનું ઉત્પાદન કરી શકાય
એને આડપેદાશ કહેવાય

એ ફેક્ટરીનો ટાર્ગેટ વસ્તુ Y નથી
એનો ટાર્ગેટ વસ્તુ X છે
વસ્તુ Y તો બસ એમ જ મળે છે
એ જ રીતે જીવનનો ટાર્ગેટ સુખ નથી
જીવનનો ટાર્ગેટ છે આપવું
કોઈને પ્રેમ આપવો
પરિવારને
મિત્રોને
કોઈ સ્ત્રીને
અને કદાચ સદ્‌ભાગ્ય હોય તો પોતાનાં બાળકોને
આ બધાની ચિંતા કરવી
સુરક્ષા કરવી
અને ખુશ રાખવા
એ માટે જોઈએ
કાચો માલ
લાગણી, બહાદુરી, કુરબાની આપવાની ભાવના, લડવાની શક્તિ વગેરે
આ કાચા માલમાથી સામેવાળાના સુખનું ઉત્પાદન થાય
આપણા પોતાના સુખનું ઉત્પાદન ન થાય
પણ હા, ક્યારેક એની આડપેદાશ મળે
સામેવાળાનો પ્રેમ, હૂંફ, પ્રામાણિકતા વગેરે
અને એ તમારું સુખ બને
આમ કોઈ દિવસ જીવનની ફેક્ટરીમાં પોતાના સુખનું ઉત્પાદન ન થઈ શકે

એ આડપેદાશ તરીકે જ મળે
જીવનનો ટાર્ગેટ કર્મ છે
પછી તમારું ભાગ્ય અને સામેવાળાની સમજણ નક્કી કરે
કે તમને કેટલી આડપેદાશ મળશે
રામ પણ સુખી નહોતા
એમણે કર્મ કર્યાં હતાં
આડપેદાશમાં એમને
સીતાની પ્રામાણિકતા મળી
લક્ષ્મણનો પ્રેમ મળ્યો
અને હનુમાનની ભક્તિ મળી
રામ એકલા મહાન નહોતા
એમની સાથે હતાં એ બધાં એટલાં જ મહાન હતાં
એટલે એવા દુઃખમાં પણ
રામ સ્મિત વેરતા
પણ મેં રામને ખીખીખી પ્રકારનું હસતા નથી જોયા
મને પણ એમ જ હસવું ગમે છે
હળવું
ધીમે
ક્યારેક
જેમાં ઊંડાણ હોય
સંતોષ હોય
કૃત્રિમ ન લાગે
ન તો મર્યાદિત સમય પૂરતું હોય
એ અનંત હોય

■

ઘણી વાર ગામડાના કાચા માર્ગ ઉપર
રમતા બાળકના ચંપલમાં
નાનકડો કાંટો ફસાઈ જાય છે
જે ચંપલના તળિયાની થિકનેસ કરતાં નાનો હોય
એટલે
સપાટ જમીન ઉપર ચાલતાં કદી પણ નથી વાગતો
પણ
જ્યારે ચંપલ નીચે નાનકડી કાંકરી આવે ત્યારે
એ કાંટો દબાઈને પગના તળિયામાં વાગે છે
પોતાના જ વજનને લીધે પગમાં ખૂંચે છે
પોતાનું જ વજન નડતર બને છે
અને બાળક ચીસ પાડી ઊઠે છે
વેદનાથી...
બસ એ જ રીતે
તારાં સ્મરણ
જે મારી સહનશક્તિની થિકનેસમાં સમાઈ ગયાં છે
એ મને
બાકીના સપાટ દિવસો ઉપર દોડતાં
ક્યારેય નથી વાગતાં
પણ દર વર્ષે
આપણે મળ્યાં હતાં એ દિવસરૂપી કાંકરી ઉપર ચાલું છું
ત્યારે મારી સહનશક્તિની થિકનેસને ચીરીને
તારાં સ્મરણ મને વાગે છે
પેલા બાળકના ચંપલમાં ભરાયેલા કાંટા જેમ જ
મને નડે છે મારી જ યાદશક્તિનું વજન
અને હું ચીસ પાડી ઊઠું છું
વેદનાથી...

■

એ છોડ
એટલે નહોતો સુકાયો
કે એને પાણી ન મળ્યું
કે એને ખાતર ન મળ્યું
કે એને સૂર્યપ્રકાશ ન મળ્યો
કે એ કુંડામાં મર્યાદિત જગામાં હતો
પણ
એટલે સુકાઈ ગયો
કેમ કે ઘરનો માલિક
બીજાં ફૂલ જોવા
બગીચે જતો હતો

■

આપણે એ પાંદડા છીએ
જે એક જ ઝાડ પર છીએ
પણ અલગ અલગ ડાળી પર છીએ
એકબીજાને જોઈ શકીએ
મળી ન શકીએ
પણ હું નકારાત્મક નથી
હું જાણું છું કે
આપણે મળશું
હું અહીંથી ખરી પડીશ
પછી ઝાડના થડ પાસે તારી રાહ જોઈશ
તું ખરે
પછી આપણે મળીશું
તું બસ એટલી પ્રાર્થના કરજે કે
હું ખરીને થડ પાસે પડ્યો હોઉં
તારી રાહ જોતો હોઉં
ત્યારે હવા મને ઉડાવીને
દૂર ન લઈ જાય

■

પહેલાં મને ગમતું
તારું સ્મિત કરવું
પણ પછી
મને કંઈક ખૂંચવા લાગ્યું
મને સમજાયું નહીં
કે શું ખૂંચે છે?
મને મારા ઉપર શંકા થવા લાગી
કે ક્યાંક મારો પ્રેમ ઓછો તો નથી થઈ ગયો ને?
હું મૂંઝવણમાં રહેતો
ને એક દિવસ મને અચાનક સમજાયું
કે મને શું ખૂંચે છે
મને એ વાત ખૂંચતી હતી
કે તું સ્મિત વેરે અને પછી એનો અંત આવે છે

ખેર! હવે જોકે એ સમસ્યા નથી
કેમ કે હવે
મારી પાસે
તારી સ્મિત કરતી એક તસવીર જ છે
જેમાં સ્મિત એમનું એમ જ રહે છે
એનો અંત નથી આવતો

■

દુનિયા ખરાબ છે
સારા માણસો દુઃખી જ થાય
એ બધું જ સાચું
પણ
દુનિયામાં જીવવાલાયક બનવા
પ્રૅક્ટિકલ બનતાં બનતાં
એક દિવસ
તમે કોઈના મન કે હૃદયમાં રહેવાને લાયક નહીં રહો
પણ કોઈના હૃદયમાં રહેવાથી વળી શું મળે?
એવો સવાલ તમને થશે
પણ
એ તમને સમજાશે ત્યારે ખૂબ મોડું થઈ ગયું હશે
પછી તમે કશું નહીં કરી શકો
બસ આ વાત
કોઈ નવા નવા પ્રૅક્ટિકલ બનતા
માણસને સમજાવવા પ્રયત્ન કરશો
એટલું જ થશે તમારાથી
અને હા એ પણ માત્ર પ્રયત્ન જ

■

બધા મને પૂછે
"તું કેમ સુખ જોઈને દૂર ભાગે છે?"
તો લ્યો એનો જવાબ\

જેમ માણસની આંખ બહારથી સુંદર છે
પણ અંદરનો ભાગ લોહી માંસ જોઈએ તો?
જેમ પાલતું પ્રાણી બહારથી સુંદર છે
એને રમાડવું ગમે
એની સુંવાળી રુવાંટી ઉપર હાથ ફેરવવો ગમે
પણ કોઈ અકસ્માત પછી એના અવયવ જોઈએ તો?

જેમ રંગબેરંગી મોર સુંદર લાગે
પણ કોઈ બિલાડીએ એને અડધો ફાડી ખાધો હોય
એ પળે એને જોઈએ તો?

બસ એ જ રીતે
મેં મારા સુખને પણ એમ જોયું છે
એક બૉમ્બબ્લાસ્ટમાં
એનાં ચીંથરાં ઊડી ગયાં હતાં
હું એના ટુકડા ભેગા કરીને
ગાંસડી બાંધીને
સળગાવી આવ્યો હતો મસાણમાં
એટલે મને ખબર છે

કે સુખ અંદરથી કેવું છે
મેં એના એકએક અવયવ જોયા છે
એનું લોહી
એનાં હાડકાં
એના અંદરના ડોળા
એની લાંબી લાંબી નસો
એનું લોહીથી લથબથ હૃદય
હજુ નજર સામેથી ખસતું નથી
બસ એટલે
મને સુખ જોઈને ચીતરી ચડે છે
ઊબકા આવે છે, ક્યારેક ઊલટી પણ થઈ જાય છે.

■

વર્ષો પછી અચાનક અમે મળ્યાં
હસ્યાં
સમય સાથે થોડી કડવાશ ઓછી થઈ ગઈ હતી
એટલે ઊભાં પણ રહ્યાં
વાતોય કરી
છેવટે એણે પૂછ્યું,
“બહુ પાતળો થઈ ગયો! હવે જિમ નથી જતો?”
મેં હસીને કહ્યું,
“હવે કોઈનું રક્ષણ કરવાની જવાબદારી ક્યાં છે?”

■

ક્યારેક મને થાય છે
કે હું મહાન માણસ નથી
એ આનંદની વાત છે
નહીંતર
મારા મર્યા પછી
ડાયરામાં મારા નામે સાવ ખોટા ફાંકા ચલાવીને
કલાકારો તાળીઓ ઉઘરાવત
જેમાં સજ્જનોના મનમાં
મારી આબરૂ ઓછી થાય
નહીંતર
ક્યાંક મારા નામે પૂતળું બનાવીને
કોઈ સંસ્થા કે સરકાર
મેં જીવનભર કરેલી કરકસર ઉપર પાણી ફેરવી દેત
નહીંતર
મારા જીવન પર ફિલ્મ બનાવીને
માસને આકર્ષવા
એમાં એવા ડાયલૉગ લખાત
જે મારા સ્તરને ન છાજે
નહીંતર
જેમ કૃષ્ણે ગીતામાં જે નથી કહ્યું
એવી વાતો પણ સ્પીકરો કૃષ્ણ સાથે જોડે છે.